


# ઈચ્છાપૂર્તિ કચ્છપ શ્રીયંત્ર દિવ્ય ચોકી

કાચબો એક તરફ ઈચ્છા પૂરી કરવા માટે જાણીતો છે. તો બીજી તરફ સ્થિર લક્ષ્મીપ્રાપ્તિ માટે કાચબાની પીઠ પર ઉત્કીર્ણ શ્રીયંત્ર ચમત્કારિક છે. સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ માટે કુબેરની પૂજા પણ આવશ્યક છે, કારણ કે કુબેર ધન આપનાર તેમ જ ધનાધ્યક્ષ પણ છે. કુબેરની કૃપા તમારા પર કાયમી જળવાઈ રહે તે માટે સિદ્ધ કુબેર યંત્ર પણ છે. તેમની ઉપાસનાથી તે શીઘ્ર પ્રસન્ન થાય છે. કુબેરના ખજાનાને ખોલવાની કુબેર ચાવીની પણ પૂજા કરવામાં આવે છે.

‘જમણો શંખ’ - લક્ષ્મીના કાયમી નિવાસ માટે ચમત્કારિક માનવામાં આવે છે. માન્યતા છે કે, જે સ્થાન પર જમણો શંખ બિરાજમાન હોય છે ત્યાં લક્ષ્મી કાયમી રીતે નિવાસ કરે છે. બીજું કે, આ સાથે ‘લક્ષ્મી ચરણ’ પણ જયાં પૂજવામાં આવે છે ત્યાંથી લક્ષ્મી કશે જતી નથી. શ્રીયંત્ર લક્ષ્મી લોકેટ પણ ગળામાં ધારણ કરવાથી તેના પ્રભાવથી તમારા કાર્યસ્થળ પર અથવા તમે જે પણ કાર્ય કરો છો ત્યાં લક્ષ્મી તેમ જ શ્રીયંત્રની કૃપા રહે છે. જેથી તમે વધારે ને વધારે આવક પ્રાપ્ત કરી શકો. લક્ષ્મીપૂજામાં સિક્કાનું પૂજન ‘દ્રવ્યલક્ષ્મી’નું પૂજન માનવામાં આવે છે. તેની પૂજાથી ભાગ્યમાં વૃદ્ધિ થાય છે. એટલા માટે ‘ભાગ્યવર્ધક લક્ષ્મી પૂજન સિક્કા’ છે. પૂજામાં મંગળ કળશ પણ આવશ્યક છે. તે સિવાય સુખ-સમૃદ્ધિદાયક તેમજ દુઃખોને દૂર કરવામાં મદદરૂપ નીચે આપેલ વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. કોડી, ગોમતી ચક્ર, લઘુ નાળિયેર, પંચરત્ન, નાગકેસર તેમ જ લાલ ચણોઠી.

**યંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**

સિદ્ધ કરેલું ‘લક્ષ્મી વીસા યંત્ર’ તેમ જ વ્યાપાર વૃદ્ધિ યંત્ર’ પણ છે જે નોકરી તેમજ ધંધા- વ્યવસાયમાં ઉન્નતિ માટે મદદરૂપ થાય છે.

‘ઈચ્છાપૂર્તિ કાચબાની વીંટી’ પણ છે.આ ઉપરાંત મંત્ર જપ માટે કમળગટ્ટાની માળા પણ છે. સામગ્રી જોઈને જ તમે જાણી શકો કે તેમાં બધા પ્રકારની સુખસમૃદ્ધિદાયક, ધનવૃદ્ધિદાયક, ઈચ્છાપૂર્તિકારક પૂજન સામગ્રી તેમ જ દુર્લભ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે તેનું વિધિવત્ પૂજન કરીને ઘરમાં પ્રતિષ્ઠા કરવામાં આવે તો લક્ષ્મી-ગણેશ, કુબેર વગેરેની કૃપા તમારા પર આખું વર્ષ રહે છે.

દિવાળી, દેવદિવાળી પર લક્ષ્મી આધારિત સાધના તેમજ ઉપાસનાથી ધન-સમૃદ્ધિ પ્રાપ્તિનો પ્રયાસ કરવામાં આવે છે.

તંત્ર ગ્રંથોમાં એવી અનેક પૂજા ઉપાસના વિધિ તેમજ વસ્તુઓનો ઉલ્લેખ છે. જો કે, તે ધન-સમૃદ્ધિ તેમજ મનોકામના પૂરી કરવાના સંબંધમાં બેજોડ છે. એવી જ પૂજા ઉપાસના વિધિઓ તેમ જ વસ્તુઓ પર આધારિત સ્થિર લક્ષ્મીપ્રાપ્તિ તેમ જ ઉપાસના માટે પેકેજ તૈયાર કર્યું છે તેમાં નીચે લખેલી 21 દુર્લભ, દિવ્ય, સિદ્ધ પૂજન સામગ્રીનો સમાવેશ કરેલો છે.



**કાચબાની ચોકી પર રચિત શ્રીયંત્ર**

1.કાચબો શ્રી યંત્ર ચોકી,2. શ્રીલક્ષ્મી ગણેશ મૂર્તિ,3. શ્રી કુબેર ચાવી,4. સિદ્ધ શ્રી કુબેર યંત્ર,5. શ્રી દક્ષિણાવર્તી શંખ 6. શ્રી લક્ષ્મી ચરણપાદુકા,7. શ્રી યંત્ર-લક્ષ્મી લોકેટ,8. ભાગ્યવર્ધક લક્ષ્મી સિક્કા, 9.શ્રી મંગળ કળશ, 10.પાંચ લક્ષ્મી કોડી, 11.ગોમતી ચક્ર,12. લઘુ નાળિયેર (શ્રીફળ), 13.કમળગટ્ટાની માળા,14. પંચરત્ન,15. નાગકેસર,16. લાલ ચણોઠી, 17.સિદ્ધ શ્રી લક્ષ્મી વીસા યંત્ર,18. સિદ્ધશ્રી વ્યાપાર વૃદ્ધિ યંત્ર,19. શ્રી કુબેરની મૂર્તિ,20. ઈચ્છાપૂર્તિ કાચબાની વીંટી,21. પૂજન સામગ્રી.

**સ્થિર લક્ષ્મીપ્રાપ્તિ તેમ જ ઇચ્છા પૂરી કરવા માટે વિશેષ પૂજન તેમજ ઉપાસના માટે દિવ્ય - દુર્લભ, સિદ્ધ કરેલ ધન -સમૃદ્ધિદાયક સામગ્રીથી હવે જીવનમાં ‘બચત’ કરો...’ રૂપિયા બચશે...**

પૂજન વગેરેની દિવ્ય સામગ્રીને જોઈને સ્પષ્ટ છે કે ધન-સમૃદ્ધિ મુખ્ય દેવતાઓની ઉપાસનાની સાથે-સાથે તેમની કૃપાપ્રાપ્તિ સંબંધિત વસ્તુઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી તેમની કૃપા સ્થિર - કાયમી મળતી જ રહે. રૂપિયા પૈસાની બચત પણ જોવા મળે છે.

# એકાક્ષી નાળિયેર અને સફેદ આકડાના ગણપતિથી સ્થિર લક્ષ્મીપ્રાપ્તિ

કુદરત દ્વારા આપવામાં આવેલી ભેટ કેટલીક વસ્તુઓ- ‘ધન’ અને ‘સમૃદ્ધિ’ આપનાર માનવામાં આવે છે. તેમાં મુખ્ય રુદ્રાક્ષ, કાળી હળદર, શંખ, રત્ન, કોડી,બાંદા, શ્રીફળ, એકાક્ષી નાળિયેર શ્વેતાર્ક વગેરેનો સમાવેશ થાય છે. આવી વસ્તુઓની પૂજા અને ઉપાસનાથી લક્ષ્મીજીની કૃપા શીઘ્ર પ્રાપ્ત થાય છે. આ પૂજા પધ્ધતિ અંતર્ગત શ્વેતાર્ ગણપતિ અને એકાક્ષી નાળિયેરનો પ્રયોગ લક્ષ્મીપ્રાપ્તિના ઉપાય તરીકે કરવામાં આવે છે.

**શ્વેતાર્ક ગણપતિ**

સૌથી પહેલાં શ્વેતાર્કની વાત કરીએ છીએ. સામાન્ય રીતે આકડાના છોડને ઝેરી માનીને ત્યાગ કરવામાં આવે છે. પરંતુ જયારે તે શ્વેત (સફેદ ) રંગનો થાય છે તો તેને અત્યંત શુભ અને ચમત્કારિક માનવામાં આવે છે. તે સામાન્ય આકડાના છોડથી જુદો હોય છે અને લક્ષ્મીને આકર્ષિત કરવાની સાથે જ તાંત્રિક પ્રયોગો સામે બચાવમાં પણ તેનો ઉપયોગ થાય છે. જે ઘરમાં આ છોડ હોય છે ત્યાં તંત્ર-મંત્રનો કોઈ પ્રભાવ પડતો નથી. આ છોડથી બનેલા ગણપતિની મૂર્તિને વધારે ચમત્કારિક માનવામાં આવે છે. જયારે સફેદ આકડાના છોડ કેટલાંય વર્ષોનો થઈને પછી તે મોટો થઈ જાય છે તો તેનાં મૂળિયાંમાં ભગવાન ગણેશની આકૃતિ આપોઆપ બનવા લાગે છે.

**આ બધી દિવ્ય વસ્તુઓ રાખનાર વ્યકિત પર લક્ષ્મીકૃપા કાયમી જળવાઇ રહે છે.**

તેનાં બધાં અંગ ભગવાન ગણેશ જેવાં લાગે છે અને તેનાથી ઘરમાં તાંત્રિક શકિતઓનો પ્રભાવ નથી પડતો! આ સિવાય -આ ગણપતિજીની પૂજા કરવાથી ‘સૂર્ય’ અને ‘બુધ’ ગ્રહ પણ અનુકૂળ થઈ જાય છે. આ ગણપતિ સમક્ષ 31 દિવસ સુધી ‘ઓમ ગં ગણપતયે નમઃ’ મંત્રની 31 માળા જપ કરવાથી મુશ્કેલથી પણ મુશ્કેલ કાર્ય પણ જલદીથી સફળ થઈ જાય છે.

**જડીબુટ્ટી**
**નજુમી**

માન્યતા છે કે સાંજના સમયે આ ગણપતિની સામે ગાયના ઘીનો દીવો પ્રગટાવીને ‘લક્ષ્મી ચાલીસા’ અથવા ‘શ્રીસૂકત’નો પાઠ કરવાથી રોજગાર પ્રાપ્તિ થાય છે. તે ઘરમાં કોઈ પ્રકારનું કોઈ વિઘ્ન, બાધા, નડતર આવતું નથી. જે કોઈ પણ તેને ઘરમાં રાખે છે તેને શત્રુકૃત અભિચાર-કર્મનો ખરાબ પ્રભાવ પડતો નથી. એટલું જ- નહીં ભગવાન ગણેશની સંપૂર્ણ કૃપા તેના પર થાય છે.

**એકાક્ષી નાળિયેર**

હવે આપણે એકાક્ષી નાળિયેરની વાત કરીએ છીએ.નાળિયેરનો ઉપયોગ સામાન્ય રીતે ધાર્મિક ક્રિયાઓમાં થાય છે અને તેને લક્ષ્મીજીનું પ્રતીક માનવામાં આવે છે. એટલા માટે તેને ‘શ્રીફળ’ પણ કહેવાય છે. નાળિયેરના બહારના આવરણની કઠોરતા હોવા છતાં તે અંદરથી નરમ હોય છે.

નાળિયેર વિશે કહેવાય છે કે બ્રહ્માજી દ્વારા સૃષ્ટિની રચના જોયા બાદ વિશ્વામિત્રજીએ પણ પોતાના તપોબળથી એક નવી સૃષ્ટિની રચના કરવાનું વિચાર્યું અને તેમણે સૌથી પહેલાં ‘મનુષ્યની’ રચના કરી હતી. પરંતુ દેવતાઓએ તેમને રોક્યા. ત્યાર સુધી તો તેમના તપોબળથી નાળિયેરની રચના થઈ ચૂકી હતી, જેમાં મનુષ્યની જેમ બે નેત્રો હતાં. આ નાળિયેરમાં પણ બે આંખો જેવા બિંદુ જોવા મળે છે. પરંતુ એકાક્ષી નાળિયેરમાં ફક્ત એક જ બિંદુ હોય છે, જેને તંત્રશાસ્ત્રમાં ઘણું જ મહત્ત્વ માનવામાં આવે છે. શાસ્ત્રની માન્યતા છે કે આ એકાક્ષી નાળિયેરની પૂજા શુભ મુહૂર્તમાં કરવાથી તે ધનપ્રાપ્તિનો સ્રોત બને છે. જાણકારોનું કહેવું છે કે જો કોઈ કાર્યોમાં સ્થિરતા ના આવતી હોય અથવા રૂપિયા પૈસાની કમી રહેતી હોય - તો આ નાળિયેરને લાલ કપડાં પર રાખીને પૂજાસ્થાનમાં સ્થાપિત કરવું અને દરરોજ તેનાં દર્શન કરવાં. માનવામાં આવે છે કે તેનાથી નાણાંમાં વધારો થાય છે અને કાર્ય પણ બરાબર રીતે ચાલે છે. નવો વ્યવસાય શરૂ કરતાં સમયે આ નાળિયેરની પૂજા કરવાથી મા લક્ષ્મીજીની કૃપા જળવાઈ રહે છે. આ નાળિયેરની સામે ઓમ શ્રીં શ્રિયૈ નમઃ મંત્રનો દરરોજ જપ કરવો જોઈએ. તંત્રના જાણકારોનું માનો તો શુભ મુહૂર્તમાં વિધિસર રીતે તેની સ્થાપના પોતાના પૂજાસ્થળમાં કરવાથી તે ધનદાયક સાબિત થાય છે. માન્યતા છે કે તેને શુભ મુહૂર્તમાં લાલ કપડાં પર મૂકીને પોતાના પૂજા સ્થળ પર સ્થાપિત કરવાથી તેમ જ તેનાં દરરોજ દર્શન કરવાથી આપોઆપ જ ધનાગમમાં સ્થિરતા રહે છે અને કાર્ય- વ્યવસાય સારો ચાલવો પ્રારંભ થઈ જાય છે. જો તમે કોઈ નવા વ્યવસાયનો પ્રારંભ કરી રહ્યાં હો તો પ્રારંભમાં જ આ એકાક્ષી નાળિયેરની પૂજા-અર્ચના કરીને તેના પર સિંદૂર ચઢાવીને પોતાના પૂજાસ્થળમાં મૂકી દો. તેનાથી મા લક્ષ્મીની કૃપા જળવાઈ રહે છે. શ્રીયંત્ર, સ્ફટિક શ્રી યંત્ર, લોકેટ, ગોમતી ચક્ર અને કમળગટ્ટાની માળાનો ઉપયોગ આ ઉપાસનામાં થાય છે. જેનાથી લક્ષ્મીજીની કૃપા કાયમી રીતે રહે છે. કારતક સુદ અગિયારસના શુભ અવસર પર આ પ્રકારની પૂજા કરવા માટે વિશેષ કરીને ફળદાયક હોય છે.

શ્રવેતાર્ક ગણપતિ તેમ જ એકાક્ષી નાળિયેરને વધારે પ્રભાવશાળી બનાવવા માટે આ ઉપાસના પદ્ધતિમાં નીચે મુજબ સામેલ કરવામાં આવે છે. સ્ફટિક શ્રીયંત્ર લોકેટ ગળામાં ધારણ કરવા માટે... જયારે શ્રીયંત્ર તેમજ ગોમતી ચક્ર પૂજા સ્થાનમાં સ્થાપિત કરવા માટે છે. કમળગટ્ટાની માળામાં લક્ષ્મી સંબંધિત મંત્રોમાં જપ કરવો જોઈએ.

**સફેદ આકડાના શ્વેતાર્ક ગણપતિ, એકાક્ષી નાળિયેર, શ્રીયંત્ર, સ્ફટિક શ્રીયંત્ર લોકેટ, ગોમતી ચક્ર તેમ જ કમળગટ્ટાની માળાના આધાર પર કરવામાં આવેલી ઉપાસના શીઘ્ર જ ફળદાયક હોય છે!**

ઉપરોક્ત શ્વેતાર્ક ગણપતિ એકાક્ષી નાળિયેર, શ્રીયંત્ર, સ્ફટિક શ્રીયંત્રનું લોકેટ, ગોમતી ચક્ર તેમજ કમળગટ્ટાની માળાને આધારે કરવામાં આવેલી ઉપાસના શીઘ્ર જ ફળદાયક હોય છે. આવા વ્યકિત પર લક્ષ્મી કૃપા કાયમી (સ્થિર) રહે છે. દિવાળીના શુભ પવિત્ર દિવસો દરમ્યાન ઉપરોક્ત દુર્લભ વસ્તુઓને સિદ્ધ કરવામાં આવી છે જેથી તે રાખવાથી અદ્ભૂત પરિણામ જોવા મળે છે!

# સંત જલારામ બાપાના આવતી કાલે 226મા જન્મદિવસની ઉજવણી

તા. 29 ઓક્ટોબર 2025, બુધવારના રોજ કારતક સુદ સાતમના દિવસે ‘જલારામ જયંતી’ છે. પૂજય સંત શ્રી જલારામ બાપાના સન્માનમાં દર વર્ષે ઉજવાતી જલારામ જયંતી આવતી કાલે છે. આ દિવસે ભકતો-સંત જલારામ બાપની 226મી જન્મજયંતીની ઉજવણી કરશે.

જલારામ બાપાના અંગ્રેજી કેલેન્ડર મુજબ 4 નવેમ્બર, 1799ના રોજ જન્મ ગુજરાતના વીરપુરમાં થયો હતો. તેમણે માત્ર 18 વર્ષની ઉંમરે સાંસારિક ધંધાઓનો ત્યાગ કરીને ફત્તેહપુરમાં ભોજા ભગતના શિષ્ય બન્યા હતા. તેમનું જીવન નિઃસ્વાર્થ સેવા અને ભક્તિ દ્વારા વ્યાખ્યાયિત થયેલું છે. તેમણે ‘સદાવ્રત ભોજન’ કેન્દ્રની સ્થાપના કરી હતી. જ્યાં સાધુઓ, સંતો અને ગરીબોને મફત ભોજન પૂરું પાડવામાં આવતું હતું. જલારામ બાપાના અનાજ ભંડાર તેમના ચમત્કારિક, અખૂટ સ્વભાવ માટે જાણીતા છે.

જલારામ બાપા- જેમને શ્રદ્ધાળુઓ પ્રેમ અને આદરથી બાપા તરીકે ઓળખે છે. તેઓ ભારતના ગુજરાતના એક પ્રસિદ્ધ હિંદુ સંત હતા. હિંદુ પંચાંગ મુજબ ‘કારતક સુદ સાતમ’ના રોજ જે દિવાળીના એક અઠવાડિયા બાદ આવતો અને તેમના આરાધ્ય દેવ શ્રી રામ સાથે જોડાયેલો પવિત્ર દિવસ હતો. તેમના પિતાનું નામ પ્રધાન ઠક્કર અને માતાનું નામ રાજબાઈ ઠક્કર હતું. જેઓ લોહાણા જ્ઞાતિના હતા. બાળપણથી જ જલારામ બાપા હિંદુ દેવતા ભગવાન રામના પરમ ભકત હતા અને તેમની ભક્તિ અતૂટ હતી.

બાપનાં માતા રાજબાઈ પોતે સંતો અને સાધુઓની સેવામાં અત્યંત શ્રદ્ધાળુ હતા. વીરપુરથી કોઈ સંત તેમની મહેમાનગતિ વિના વિદાય લેતાં નહોતાં, જે બાળ જલારામ પર ઊંડી અસર કરતું રહ્યું. તેમના પિતા પ્રધાન ઠક્કર વ્યવસાય સાથે સંકળાયેલા હતા. માત્ર 16 વર્ષની યુવાન વયે જલારામ બાપાએ ઠક્કર પ્રાગજી સોમૈયાની પુત્રી વીરબાઈ સાથે લગ્ન કર્યાં. જો કે, તેમનું ‘મન’- સાંસારિક જીવન કે પિતાના વ્યવસાય કરતાં આધ્યાત્મિકતા તેમ જ સેવા તરફ વધુ ખેંચાયેલું હતું. તેઓ મોટા ભાગે સંતો અને સાધુઓની સેવામાં જ લીન રહેતા હતા. આથી તેમણે પિતાના વ્યવસાયથી અલગ થઈને પોતાના કાકા વાલજીભાઈ સાથે રહેવાનું પસંદ કર્યું જેઓ જલારામ પ્રત્યે અત્યંત સ્નેહ ધરાવતા હતા.

**કાળચક્ર**
**યજ્ઞાનંદ**

જલારામ બાપાનો સંપૂર્ણ ઝોક-ગૃહસ્થ જીવનમાંથી -સંયમ અને સેવાના માર્ગે વળવાનો હતો -તે સ્પષ્ટ હતું. સદ્દભાગ્યે તેમનાં પત્ની વીરબાઈમાએ પણ તેમના આધ્યાત્મિક માર્ગનું અનુસરણ કરવાનું નક્કી કર્યું. આમ જયારે જલારામ બાપાએ તીર્થયાત્રાએ જવાનું નક્કી કર્યું ત્યારે વીરબાઈમા પણ તેમની સાથે જોડાયાં.

18 વર્ષની ઉંમરે જલારામ બાપાએ ફત્તેહપુરના શ્રી ભોજલરામને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા અને ગુરુ પાસેથી ‘શ્રીરામ’ના નામના ‘ગુરુ મંત્ર’ની દીક્ષા ગ્રહણ કરી. ગુરુના આશીર્વાદથી તેમણે વીરપુરમાં ‘સદાવ્રત’ શરૂ કર્યું. એક ભોજન કેન્દ્રઃ જયાં સાધુ, સંતો તેમ જ જરૂરિયાતમંદોને દિવસના 24 કલાક કોઈ પણ સમયે ભોજન મળી રહેતું. વીરબાઈ માના નિષ્ઠાવાન સહયોગથી તેમણે આ ભગીરથ કાર્યને સફળતાપૂર્વક પાર પાડયું. તેમના આ સદાવ્રતમાંથી કોઈ પણ ભૂખ્યું પાછું ફરતું નહીં.

ટૂંક સમયમાં જ તેમની ખ્યાતિ એક દૈવી અવતાર તરીકે ચોમેર ફેલાઈ ગઈ. કોઈ પણ જાતિના કે ધર્મના ભેદભાવ વિના વીરપુર આવનાર દરેક ભકતોને તેમ જ જરૂરિયાતવાળાંઓને બાપા દ્વારા ભોજન પીરસવામાં આવતું હતું.

જલારામ બાપા સાથે અનેક અલૌકિક કથાઓ તેમ જ ચમત્કારિક પ્રસંગો જોડાયેલા છે, જે તેમની દૈવી શક્તિ અને કરુણાનાં પ્રતીક છે.

એક પ્રસિદ્ધ લોકવાયકા મુજબ એક સમયે રાજકોટના ઠાકોરની સેવામાં રહેલા ચાર આરબોએ માસિક વેતનમાં ચાર રૂપિયાનો વધારો માંગ્યો. પરંતુ તેનો ઈનકાર થતાં આરબોએ તે નોકરી છોડી દીધી અને જૂનાગઢ જવા નીકળ્યા. રસ્તામાં તેમણે કેટલાંક પક્ષીઓનો શિકાર કર્યો અને તેમને પોતાની ‘હમચા’ (ખભાની થેલી)માં રાખ્યા. જયારે તેઓ વીરપુર પહોંચ્યા ત્યારે બાપાએ તેમને ભોજન ગ્રહણ કરીને પછી આગળ વધવા કહ્યું. જયારે તેમણે પોતાની મુસ્લિમ ઓળખ જણાવી વિરોધ કર્યો ત્યારે બાપાએ કહ્યું કે, ભગવાનના દરબારમાં જાતિ કે ધર્મનો કોઈ ભેદભાવ નથી હોતો તેથી તમારું સ્વાગત છે.

ચારેય આરબોએ મંદિરમાં ભોજન કર્યું. પરંતુ તેઓ પોતાની થેલીમાં મૃત પક્ષીઓ લઈને આવ્યા હોવાથી શરમાઈ રહ્યા હતા. બાપાએ થેલીને સ્પર્શ કર્યો અને કહ્યું કે, પક્ષીઓને ગૂંગળામણ થઈ રહી છે. આરબોએ થેલી ખોલી ત્યારે તેમને આશ્ચર્ય થયું કે પક્ષીઓ જીવંત હતાં અને ઊડીને નજીકના ઝાડ પર બેસી ગયાં.

આરબો આશ્ચર્યચક્તિ થઈ ગયા અને સમજી ગયા કે તેઓ એક દૈવી વ્યક્તિની ઉપસ્થિતિમાં છે. તેઓ બાપાના ચરણે પડયાં અને પૂછયું કે શું તેમને જૂનાગઢમાં નોકરી મળશે?

બાપાએ કહ્યુંઃ જૂનાગઢમાં નોકરીની શી જરૂર હતી? આરબો તો ફકત એક જ માલિકની સેવા કરે છે!’

બરાબર તે જ સમયે, રાજકોટના ઠાકોર દ્વારા મોકલવામાં આવેલો એક ઊંટવાળો ત્યાં પહોંચ્યો. તેણે આરબોને પોતાની સાથે પાછા લઈ જવાનું કહ્યું અને ઠાકોરે તેમના વેતનમાં રૂ. 7ના વધારાને મંજૂરી આપી છે.

**આ પર્વ ફકત એક સંતનો જન્મદિવસ નહીં પરંતુ માનવસેવા અને નિઃસ્વાર્થ કરુણાની એ અદ્દભુત ગાથાનું સ્મરણ છે, જેણે લાખો લોકોના જીવનમાં નવી દિશા આપી છે**

વીરપુર-જલારામ બાપાની કર્મભૂમિ તરીકે સુપ્રસિદ્ધ છે, જયાં તેમણે પોતાનાં મોટા ભાગનાં આધ્યાત્મિક કાર્યો સંપન્ન કર્યાં હતાં. તેઓ પોતાના જીવનકાળ દરમિયાન વાસ કરતા હતા એ સ્થાન વીરપુરમાં આવેલું જલારામ બાપાનું મુખ્ય મંદિર છે. આ પવિત્ર સ્થળમાં જલારામ બાપાની અંગત વસ્તુઓ તેમ જ તેમના દ્વારા પૂજવામાં આવતી ભગવાન શ્રીરામ, સીતા, લક્ષ્મણ અને હનુમાનજીની મૂર્તિઓ -શ્રદ્ધાળુઓનાં દર્શન માટે રાખવામાં આવેલી છે. મંદિરનાં દર્શનાર્થીઓ માટે અહીં એક ઝોળી અને લાકડી પણ પ્રદર્શિત કરાઈ છે, જેને દૈવી શક્તિ દ્વારા તેમને આપવામાં આવી હોવાનું મનાય છે. વીરપુરના આ મહાન સંતની મહાનતા વિશે અનેક કથાઓ પ્રચલિત છે, જે આજે પણ લાખો ભકતોનાં હૃદયમાં શ્રદ્ધા અને કૃતજ્ઞતા પ્રેરિત કરે છે. ઈ.સ. 1881ના ફેબ્રુઆરી માસની 23મી તારીખે જલારામ બાપાએ પ્રાર્થના અને ભક્તિમાં લીન રહીને પોતાનો દેહત્યાગ કર્યો.

વીરપુરના આ મહાન સંતનો વારસો આજે પણ લાખો લોકો માટે- સેવા, શ્રદ્ધા અને કરુણાનો દીપક પ્રગટાવે છે અને તેમનું નામ અમરત્વ પામ્યું છે. તેમના ઉપદેશો ધાર્મિક સીમાઓથી પર હતા અને તેમનાં શિષ્યોમાં હિંદુ અને મુસ્લિમ - બંનેનો સમાવેશ થતો હતો. સ્વામીનારાયણ સંપ્રદાયના એક અગ્રણી સંતે પણ તેમના જીવનથી પ્રભાવિત થઈને વીરપુરમાં એક મુખ્ય તીર્થસ્થાનની સ્થાપના કરી હતી. આજે પણ જલારામ બાપા દ્વારા શરૂ કરાયેલા સામુહિક ભોજન સદાવ્રતની પરંપરા-વિશ્વભરનાં તેમનાં અનુયાયીઓ દ્વારા નિષ્ઠાપૂર્વક અનુસરવામાં આવે છે.



## જલારામ જયંતીની વીરપુરમાં ભવ્ય ઉજવણી થાય છે

જલારામ જયંતીના દિવસે સૌરાષ્ટ્રમાં ભવ્ય ઉજવણી કરવામાં આવે છે, જેમાં માત્ર વીરપુરના મુખ્ય મંદિરની મુલાકાતે આશરે 2 લાખ જેટલાં શ્રદ્ધાળુઓ આવે છે. આ દિવસનું મુખ્ય આકર્ષણ સામુહિક ભોજન વિતરણ છે. જેના માટે મંદિરના વહીવટીતંત્ર દ્વારા મોટા પાયે આયોજન કરવામાં આવે છે. અંદાજ મુજબ મુલાકાતીઓને લગભગ 20 ટન મીઠાઈ, 8 ટન ગાંઠિયા, 20 ટન શાકભાજી, 4500 કિલો દાળ અને 7500 કિલો ચોખાનું વિતરણ કરવામાં આવે છે.